નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પડદો કરતી કુંવારી છોકરી કરતા પણ વધુ હયાદાર હતા, જ્યારે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમને કોઈ વાત નાપસંદ લાગતી તો અમે તેને આપના ચહેરા પરથી સમજી જતા

અબૂ સઇદ ખુદરી રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેઓએ કહ્યું: નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પડદો કરતી કુંવારી છોકરી કરતા પણ વધુ હયાદાર હતા, જ્યારે નબી સલ્લલ્લાહુ
અલૈહિ વસલ્લમને કોઈ વાત નાપસંદ લાગતી તો અમે તેને આપના ચહેરા પરથી સમજી જતા.
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [મુત્તફકુન્ અલયહિ]

અબુ સઇદ ખુદરી રઝી અલ્લાહુ અન્હુ જણાવી રહ્યા છે કે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ તે કુંવારી છોકરી કરતા પણ વધુ હયાદાર હતા, જે પોતાના ઘરમાં પુરુષોથી બચીને રહેતી હોય, અને એટલા અંશ સુધી હયાદાર હતા કે જ્યારે નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ કોઈ નાપસંદ વસ્તુ જોતા તો તેનો અસર શબ્દો વગર જ અમે આપના મોઢા પરથી ઓળખી જતા, અને સહાબા આપના ચહેરા પરથી જ તેમની નારાજગી સમજી જતા હતા.

http://www.sunnah.global/hadeeth/gu/show/3153